# પાલનપુર સિવિલની સુવિધાઓ છીનવી લેવા સામે રોષ

## મેડિકલ કોલેજ આપવાની આડમાં નર્સિંગ કોલેજ-હોસ્ટેલ ખસેડવા સામે છાત્રાઓ સહિત વાલીઓનો ઉગ્ર વિરોધ
## કરોડો રૂપિયાની સિવિલ હડપી લેવાની ખાનગી ટ્રસ્ટની હિલચાલ ભાજપ સામે ચૂંટણી મુદ્દો બને તેવી વકી

બનાસકાંઠાની પાલનપુર સિવિલ ની ૧૦૦ જેટલી નર્સિંગ ની



વિદ્યાર્થીનીઓનું ભાવિ અધરતાલ બન્યું છે. નર્સિંગ હોસ્ટેલ અને કોલેજ અન્યત્ર ખસેડવાની હિલચાલ સામે આજે વાલીઓએ રેલી સ્વરૂપે સિવિલ સર્જનને આવેદન આપી રજુઆત કરી હતી અને આગામી સમય મા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે વિધાનસભાની ચૂંટણી માં ભાજપ માટે આ મુદ્દો માથાનો દુખાવા સાથે ખોટનો સોદો પુરવાર થાય તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

બનાસકાંઠામા સરકાર દ્વારા ખાનગી ટ્રસ્ટ ને સરકારી મેડિકલ કોલેજ ફાળવાઈ છે. જેને પગલે ખાનગી ટ્રસ્ટ દ્વારા પાલનપુર સિવિલને હસ્તગત કરાઈ છે.જેમાં પાલનપુર સિવિલનું ખાનગીકરણ કરાયું છે. જેને લઈ ને અગાઉ પણ સિવિલ ના ખાનગીકરણ સામે અનેક પ્રકારના વિરોધ થયા છે. વિરોધ કરનારાના આક્ષેપો જોઈએ તો, તમામ સરકારી નીતિ નિયમોને નેવે મૂકી રાજ્યના આરોગ્ય મંત્રી શંકર ચૌધરીએ પાલનપુર સિવિલ હોસ્પિટલને પોતાની ચેરમેનશીપ હેઠળની બનાસડેરી સંચાલિત ખાનગી ટ્રસ્ટ ને સોંપાઈ છે .જોકે આ ખાનગી ટ્રસ્ટ દ્વારા સિવિલ ના કેમ્પસ મા ચાલતી નર્સિંગ કોલેજ અને હોસ્ટેલ ને અન્યત્ર ખસેડવાનો નિર્ણય કરાયો છે. જેને લઈ ને આજે નર્સિંગ કોલેજ મા અભ્યાસ કરતી

### સિવિલનો મુદ્દો ભાજપને દઝાડશે

પાલનપુર મેડિકલ કોલેજ આપવાની આડમાં જિલ્લાની મુખ્ય સરકારી સિવિલ હોસ્પિટલ ના ખાનગીકરણનો મુદ્દો ભાજપ માટે આગામી ચૂંટણી માટે ભયજનક બને તેવી સંભાવનાઓ વર્તાઈ રહી છે. રાજ્યના આરોગ્ય મંત્રીએ દલા તરવાડીની ભૂમિકા ભજવતા જેને મેડિકલ લાઈનનો કોઈ જ અનુભવ કે ઈન્ફરાસ્ટ્રક્ચર ન હોવા છતાં પોતાની ચેરમેનશીપ હેઠળની બનાસડેરી સંચાલિત ખાનગી ટ્રસ્ટને પાલનપુર નવાબ એ બક્ષીષ આપેલી કરોડો રૂપિયાની મિલ્કત ધરાવતી પાલનપુર સિવિલ સોંપી દઈ તેનું ખાનગીકરણ કરી દેતા જિલ્લાભર માં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. લોકો સત્તા આગળ શાણપણ નકામું તેમ માની હાલ મૌન છે. પરંતુ વિધાનસભાની ચૂંટણીમાં પાલનપુર સિવિલના ખાનગીકરણ ના છાંટા ભાજપને ઉડશે અને શાસક પક્ષને ભારે નુકશાન સહન કરવું પડે તેવી ચર્ચા આજે આંદોલન સ્થળે સાંભળવા મળી હતી. પાલનપુર સિવિલનો વહીવટ હસ્તગત કર્યા બાદ સિવિલમાં રહેલ નર્સિંગ કોલેજ અને હોસ્ટેલ, પી.પી.યુનિટ, જિલ્લા ક્ષય કેન્દ્ર અને મેદાની આંખની હોસ્પિટલનું બિલ્ડીગ મેડિકલ કોલેજ માટે ફાળવવાનો લેવાયેલ નિર્ણય સામે ભારે વિરોધ ફાટી નીકળ્યો છે. ત્યારે આ મુદ્દો ભાજપ માટે બુમરેંગ સાબિત થાય તેવી સંભાવનાઓ પ્રબળ બની છે.

૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓના વાલીઓએ સિવિલ કેમ્પસ મા હોબાળો કર્યો હતો. બાદમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત સદસ્ય બાલકૃષ્ણ જીરાલાની આગેવાની તળે સિવિલમાં રેલી સ્વરૂપે આવેદન પત્ર આપી કોલેજ અને હોસ્ટેલ સિવિલ કેમ્પસ મા જ રાખવા ની માંગ કરી



હતી. જોકે, સાથે સાથે વાલીઓએ આ સમસ્યા હલ ન થાય તો ઉગ્ર આંદોલનની પણ ચીમકી ઉચ્ચારી હતી.

સિવિલ ના ખાનગીકરણ અને નર્સિંગ કોલેજ અન્યત્ર ખસેડવાની હિલચાલ ને લઈ અભ્યાસ કરતી નર્સિંગ કોલેજની ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓનું ભાવિ અધરતાલ બન્યું છે. ત્યારે વિદ્યાર્થીનીઓની સુવિધા અને સેફટીને મામલે વિદ્યાર્થીનીઓએ પણ વિરોધનો સુર પુરાવ્યો છે અને નર્સિંગ કોલેજ અને હોસ્ટેલ સિવિલ કેમ્પસ મા જ રાખવા ની માંગ કરી હતી.

નર્સિંગ કોલેજ અને હોસ્ટેલ અન્યત્ર ખસેડવાની હિલચાલ સામે વિદ્યાર્થીનીઓના વાલીઓ આક્રમક મૂડ મા છે અને હોસ્ટેલ ખાલી કરવાના આદેશ આપ્યા છે. ત્યારે સિવિલ સર્જન પત્તિવાલા ખાનગી ટ્રસ્ટ નો લુલો બચાવ કરી રહ્યા છે. નર્સિંગ કોલેજ અને હોસ્ટેલને એક વર્ષ માટે જ અન્યત્ર ખસેડવાનો અભિપ્રાય મોકલાવ્યો હોવાનું સિવિલ સર્જન જણાવી રહ્યા છે.






### હિંમતનગરમાં પડતર પ્રશ્નોની માંગણીને સાથે મૌન રેલી યોજાઈ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં જીલ્લાના સરકારી આરોગ્ય સેવાઓના નર્સીંગ સ્ટાફ દ્વારા મંગળવારે વિરોધ દર્શાવી મૌન રેલી યોજી હતી અને જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. એક પછી એક રેલી અને આવેદનપત્રોની યાદીમાં વધુ એક હવે મેડીકલ નર્સીંગ સ્ટાફ પણ જોડાયો છે. સાબરકાંઠા જીલ્લાની આરોગ્ય સેવાઓ સીવીલ હોસ્પીટલ અને મેડીકલ કોલેજ સહીત સરકારી આરોગ્ય કેન્દ્રોના નર્સીંગ સ્ટાફે પણ વિવિધ માંગણીઓને લઈને સરકારને આવેદનપત્ર દ્વારા માંગણીઓ સંતોષવા માંગ કરી હતી. હિંમતનગરની સીવીલ હોસ્પીટલ ખાતે નર્સીંગ સ્ટાફે એકઠા થઈને મૌન રેલી યોજી જીલ્લા કલેકટર પી.સ્વરૂપને આવેદનપત્ર આપીને માંગણીઓ સંતોષવા માટે રજૂઆત કરી હતી.નર્સીંગ સ્ટાફે સાતમાં પગાર પંચને લાગુ કરવા અને તબીબોની માફક નોન પ્રેકટીસ એલાઉન્સની જેમ જ ભથ્થુ ચુકવવા સહીતની માગો કરી હતી. આ અંગે યુનાઈટેડ નર્સીંગ ફોરમના સેક્રેટરી યોગીરાજ જોષીએ જણાવ્યું હતું કે અમારી માંગણીઓને લઈને અમે રેલી યોજી આવેદનપત્ર આપ્યુ છે, સાતમા પગાર પંચની અસર અને નોન પ્રેકટીસ એલાઉન્સ જેવી વિવધ માંગોનો સ્વીકાર કરવા રજુઆત કરી છે.અગામી દિવસમાં અંદોલન ઉગ્ર બનાવીશુ તેના ભાગ રૂપે ૫ ઓક્ટોમ્બરે અમે તમામ એક માસ સીએલ પર ઉતરવાના છીએ

# ખેડબ્રહ્માામાં અકસ્માતમાં એક બાળક સહિત ૩ના મોત

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ રોડ પર સોમવાર સાંજના ૨ બાઈક સામ સામે ટકરાતા પિતા-પુત્ર સાથે એક ઈસમનું મોત નીપજ્યુ હતુ. જે અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ચીખલા ગામના શૈલેષભાઈ શિવાભાઈ ડાયાની કપાસના બિયારણના પ્લોટ ચેક કરવાનુ કામ કરતા હતા. જે સોમવાર સવારે ઘરેથી નીકળેલ હતા. સાંજના સમયે શિવાભાઈ પૂંજાભાઈ ડાયાની પોતાના ઘરે હતા ત્યારે ગામના કમલેશભાઈ આવીને જણાવેલ કે તમારા દીકરો ચીખલા તરફથી ખેડબ્રહ્મા જઈ રહ્યો હતો ત્યારે સામેથી બાઈક ચાલકે ટક્કર મારતા બાઈકનું એક્સિડન્ટ થયેલ છે અને જેથી તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ ગયેલ છે. જેથી શિવાભાઈ અને તેમના નાના ભાઈ કલાજીભાઈ ત્યાં તપાસ કરતા જાણવા મળેલ કે વરતોલ રોડ પર શૈલેષભાઈ અને જગદીશભાઈ પાબુભાઈ તરાલ ચીખલાવાળા બાઈક નં. જીજે૯.સીઆર.૯૭૮૧ લઈ જતા હતા ત્યારે સામેથી આવતા



દિલીપભાઈ વજાભાઈ પારધીએ પોતાનુ બાઈક નં. જીજે૯.એકે.૭૨૧ પૂરઝડપે અને ગફળતભરી રીતે હંકારી સામે ટક્કર મારતા બાઈકચાલક દિલીપભાઈ તથા શૈલેષભાઈનું મોત નિપજ્યુ હતુ. જ્યારે શૈલેષભાઈની પાછળ બેઠેલ જગદીશભાઈ અને દિલીપભાઈનુ ૪ વર્ષિય બાળક કિશનને ઈજાઓ પહોંચી હોઈ સારવાર અર્થે હિંમતનગર રીફર કરેલ. જ્યાં સારવાર દરમિયાન કિસનનું મોત નીપજ્યુ હતુ.

# મોડાસામાં કોંગ્રેસના ધારાસભ્યના વિધાનસભા કાર્યાલયનો પ્રારંભ

### વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં વિજય બનવા રણશિંગુ ફુક્યુ

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસનો જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોમાં સત્તા પક્ષ પર છે અને મોડાસા, બાયડ અને ભિલોડા વિધાનસભાની બેઠકો તેમના કબ્જા હેઠળ છે. ત્યારે ટૂંક સમયમાં યોજાનાર વિધાનસભાની બેઠકો પર કબ્જો યથાવત રાખવા જોરશોરથી તૈયારીઓ અને લોક સંપર્ક વધારવામાં આવ્યો છે. મંગળવારે ૩૧મી વિધાનસભા મોડાસાની મોડાસામાં ધારાસભ્ય કાર્યાલયનો શુભારંભ કરી ચૂંટણી જીતવા રણશિંગુ ફુક્યું હતુ. કાર્યાલયના



ઉદ્ઘાટનમાં પૂર્વ સંસદ અને જિલ્લા પ્રભારી જગદીશ ઠાકોર અને પ્રદેશ મંત્રી મિહિર શાહ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા વિધાનસભા-૨૦૧૨ ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને માત આપી જંગી બહુમતીથી વિજય બનેલા કોંગ્રસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર તાજેતરમાં યોજાયેલી હાઈ-વોલ્ટેજ રાજ્યસભાની ચૂંટણીમાં વફાદાર રહી કોંગ્રેસના રાજ્યસભાના ઉમેદવાર અહેમદ પટેલને વોટ




અપાતા અને કોંગ્રેસ તૂટતી બચાવવા સીટિંગ ધારાસભ્યોની રિપીટ કરવાની બાંહેધરી આપતા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર દ્વારા ચૂંટણી જીતવા લોક સંપર્ક વધારવાની સાથે ગામડે ગામડે મુલાકાત લઈ રહ્યા છે અને કોંગ્રેસના અગ્રણીઓ, કાર્યકરો અને લોકો સાથે સીધો સંપર્ક જાળવવા અને લોકોના પ્રશ્નોની રજુઆતનું નિરાકરણ લાવવા માટે આગામી ટૂંક સમયમાં યોજાનાર ચૂંટણીનું સંચાલન કરવા માટે મંગળવારે મોડાસા ડીપ વિસ્તારમાં કોંગ્રેસના કાર્યાલયનો દબદબાભેર પ્રારંભ કારવામાં આવ્યો હતો. જેમાં પૂર્વ સંસદ જગદીશ ઠાકોર, રાજેન્દ્રસિંહ ઠાકોરને જંગી બહુમતીથી જીતાડવા માટે કોંગ્રસના હાજર રહેલા અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા કાર્યકરોને હાકલ કરી હતી અને ભાજપ નિષ્ફળ રહી હોવાના અનેક ઉદાહરણ આપી ચૂંટણી રણશિંગુ ફૂંકી ગુજરાતમાં કોંગ્રેસ સતાધારી પક્ષ બનશે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. જગદીશ ઠાકોરના આક્રમક વલણથી કોંગ્રેસના કાર્યકરોમાં જુસ્સો પેદા થયો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



### મોડાસામાં મહોરમની શાનદાર ઉજવણી

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં મહોરમનો તહેવાર ભારે દબદબાભેર ઉજવાઈ ગયો. આ પ્રસંગે નીકળેલા જુલુસમાં મુસ્લીમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા હતા. ધારાસભ્ય રાજુભાઈ ઠાકોર, સર્વોદય સહકારી બેંકના ચેરમેન ઈકબાલ હુસેન ઈપ્રોલીયા, મોડાસા નગરપાલિકાના કોંગ્રેસના કોર્પોરેટર કલ્પનાબેન ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ તાલુકાના આકોલી મા. વાસનો ૨૫ વર્ષિય યુવાન ગુમ

કાંકરેજ, તા. ૩

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના આકોલી મા. વાસનો ૨૫ વર્ષિય યુવક તા. ૩૦-૯-૨૦૧૭ના રોજ સવારે ૧૧ કલાકે ઘરના સભ્યોને કંઈજ પણ કિધા વગર ચાલ્યો ગયો હતો અને મોડે સુધી પરત ન ફરતાં સગા-સંબંધીઓને ટેલીફોન દ્વારા તેમજ પ્રાઈવેટ સાધન લઈને શોધખોળ શરૂ કરી હતી. પરંતુ કોઈજ પ્રકારનો અત્તોપત્તો ન લાગતા ગુમ થનારના ભાઈ ચૌધરી નિતેશકુમાર કાનજીભાઈ રે. આકોલી, તા. કાકરેજ, જિ. બનાસકાંઠાવાળાએ શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ગુમ રજી. ૬૭/૧૭ લેખિત રજુઆત કરેલ છે અને નજીકના પોલીસ સ્ટેશન અથવા તો શિહોરી પો. સ્ટે. નં. ૦૨૭૪૭-૨૩૩૭૩૩ તથા ૯૪૨૯૩૬૨૦૪૩ ઉપર ઉપરોક્ત ફોટાવાળા જગદિશ ચૌધરીની ભાળ મળે તો જાણ કરવા જણાવાયુ છે. આમ આકોલી મા. વાસનો ૨૫ વર્ષીય યુવક કોઈ અગમ્ય કારણસર કે કોઈને કિધા વગર ઘરેથી નિકળી જતાં ઘરના સભ્યો ખુબજ ઉદાસ છે તેમજ સતત શોધખોળ ચાલુ છે. જેમાં પોલીસનો સહારો લઈ મોબાઈલ લોકેશનનો પણ સહારો લેવામાં આવી રહ્યો છે. જોકે ગુમ થનાર જગદિશ ચૌધરીનો મો. નં. ૮૫૧૧૨ ૨૧૫૧૫ છે જે બંધ આવતા ઘરના સભ્યો ચિંતામાં મુકાયા છે આમ આકોલીનો ૨૫ વર્ષિય યુવક ગુમ થતાં અનેક અટકળોનો દોર શરૂ થઈ ગયો છે.

# કાંકરેજ તાલુકાના સવપુરા ગામે કાંકરેજ ભાજપ બક્ષીપંચ મોરચાનુ સંમેલન યોજાયુ

ચૂંટણીને ધ્યાને લઈ કાંકરેજ વિધાનસભા-૧૫ મતવિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીએ કમર કસી ચૂંટણી ઢંઢેરો શરૂ કરી દીધો છે. જેમાં કાંકરેજના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ દ્વારા ઠેર ઠેર પાર્ટીની મીટીંગો કરી સંગઠન મજબૂત કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયાની કામગીરી આંખે ઉડીને વળગે છે. બાબુભાઈ દેસાઈએ વિરાટ કોહલીની બેટીંગ જેવી કામગીરી ભારતસિંહની છે. સવપુરા ખાતે યોજાયેલ મીટીંગમાં થરા એપીએમસીના ચેરમેન અણદાભાઈ પટેલ સહિત કિર્તીસિંહ વાઘેલા, મફાજી સોલંકી, જામાભાઈ દેસાઈ, બાબુભાઈ પટેલ, બક્ષીપંચ મોરચાના કાર્યકરો, કાંકરેજ ભાજપના પદાધિકારીઓ અને જસવંતભાઈ રાવળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યુંહતુ. કાંકરેજ મિડીયા દ્વારા ખીમાણા મીટીંગનો બહિષ્કાર કરેલ. પાર્ટીના આગેવાનોએ મિડીયાકર્મીઓને સાંભળ્યા હતા.




### મોડાસા શહેર કોંગ્રેસ પક્ષ દ્વારા ગાંધી જયંતિની ઉજવણી કરાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા નગરમાં ૨ ઓક્ટોબર, મહાત્મા ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ નિમિત્તે મોડાસા શહેર કોંગ્રેસ દ્વારા ઉજવણી કરાઈ હતી. મહાત્મા ગાંધીજીના તસવીરને સુતરની આંટી પહેરાવી ગાંધીબાપુ અમર રહોના નારા લગાવી તેમના સંસ્મરણોને વાગોળ્યા હતા. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મોડાસા, શહેર પ્રમુખ ઈકબાલહુસેન ઈપ્રોલીયા (ચેરમેન સર્વો. સહ. બેંક. મોડાસા), મોડાસા નગરપાલિકાના કોર્પોરેટર કલ્પનાબેન ભાવસાર સહિતના અગ્રણીઓ અને કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.